# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-01-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## SIR કામગીરી:

ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં હાથ ધરવામાં આવેલી મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ એસઆઇઆર અંતર્ગત મહત્વની કામગીરી ચાલી રહી છે. ગત 27 ઓક્ટોબર ૨૦૨૫થી શરૂ થયેલી આ ઝુંબેશના ભાગરૂપે 19 ડિસેમ્બરના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરાઈ હતી.

તાજેતરમાં 3 અને 4 જાન્યુઆરી 2026ના રોજ રાજ્યભરમાં યોજાયેલા ખાસ કેમ્પમાં નાગરિકોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. બે દિવસમાં અંદાજે 8.41 લાખ લોકોએ મુલાકાત લીધી હતી અને કુલ 3.58 લાખથી વધુ ફોર્મ ભરાયા હતા. અત્યાર સુધીમાં સમગ્ર રાજ્યમાંથી કુલ 8 લાખથી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ છે.

જે નાગરિકો હજુ પણ નામ નોંધાવવા અથવા સુધારા કરવા માંગતા હોય, તેઓ 18 જાન્યુઆરી 2026 સુધી વાંધા-દાવા રજૂ કરી શકશે. ચૂંટણી અધિકારીઓ દ્વારા આ ફોર્મની ચકાસણી કરી આખરી યાદી તૈયાર કરવામાં આવશે

**------------------------------------------------------------------------------------------**

## લાલન કોલેજમાં વાર્ષિકોત્સવ:

ભુજની આર.આર. લાલન કોલેજ ખાતે દ્વિદિવસીય `સંવિદ-2026' વાર્ષિકોત્સવ યોજાયો હતો. કાર્યક્રમના પ્રથમ દિને વિદ્યાર્થીઓ દ્વારા ગીત, સંગીત અને નૃત્ય તેમજ નાટય કલા સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. કોલેજના 14 વિભાગની 22 કૃતિ રજૂ કરવામાં આવી હતી. દ્વિતીય દિને કળા-વિજ્ઞાનની પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનીનું ઉદ્ઘાટન કચ્છ જિલ્લા કલેક્ટર આનંદ પટેલે કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન સ્વદેશી વિચારને

ધ્યાને લઇ ગાંધીજીના ચરખા અને તેમની પ્રતિકૃતિ સાથે સેલ્ફી પોઇન્ટ રાખવામાં આવ્યો હતો. આ સાથે `ખાના ખજાના' નામથી વિવિધ વિભાગના 10 જેટલા ફૂડ સ્ટોલ તૈયાર કરવામાં આવ્યા હતા.

---

## ઉંટ ઉછેરક માલધારી સંગઠનની બેઠક:

`કચ્છ ઊંટ ઉછેરક માલધારી સંગઠન' અને `સહજીવન' સંસ્થા દ્વારા આવતીકાલે કચ્છ યુનિવર્સિટી ખાતે એક બેઠક યોજાશે. આ બેઠકમાં પરામર્શ કરવા અર્થે ભારત સરકારના પશુપાલન મંત્રાલયના કમિશનર, નેશનલ બ્યૂરો ઓફ એનિમલ જેનેટિક રિસોર્સના ડાયરેક્ટર, રાજ્ય પશુપાલન વિભાગના સ્થાનિક અધિકારીઓ, જિલ્લાના કલેક્ટર, વન વિભાગના અધિકારીઓ તેમજ અન્ય વિસ્તારમાં માલધારી સાથે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિ ઉપસ્થિત રહેશે. આ પરામર્શ બેઠકમાં ખારાઇ ઊંટ ઉછેરતા માલધારીઓના પ્રશ્નો અને પડકારોને પ્રત્યક્ષ સાંભળીને સહાયક વ્યવસ્થા ઊભી કરાશે, જેથી ખારાઇ ઊંટની વસ્તીમાં વૃદ્ધિ થઇ શકે. એક વ્યાપક અને લાંબાગાળાની રણનીતિ તૈયાર કરી વારસાને લુપ્ત થતો બચાવવા પ્રયાસો હાથ ધરાશે.

---

## વાગડમાં ખેતી:

ખેતી ક્ષેત્રે દાયકાથી સમૃદ્ધ બનેલાં વાગડમાં વાવેતરનો આંક પ્રતિ વર્ષ વધતો જાય છે. આ વર્ષે  રાપરમાં જીરું, રાઈ, ઘઉં અને વરિયાળીનું વિક્રમજનક વાવેતર કરવામાં આવ્યું છે. આખા કચ્છમાં થયેલું રવી સિઝનનું વાવેતરમાં એકલાં રાપર તાલુકામાં 40 ટકા છે. એમાં પણ રાપર તાલુકામાં 30 ટકા જીરું વાવવામાં આવ્યું છે. તાલુકામાં 71 હજાર 700 હેક્ટર જમીનમાં રવી પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે.  રાપર તાલુકામાં જીરું 39 હજાર 315, રાઈ 9 હજાર 165, ઘઉં 7 હજાર 950, ઈસબગુલ 3 હજાર 775, વરિયાળી 2 હજાર 655, અજમો 1 હજાર 085, શાકભાજી 640, રંજકો 620, ચણા 580, ધાણા 10 અને 26 હજાર 068 હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર કરવામાં આવ્યું છે.

---

## ભુજ નગર પાલિકા દ્વારા દંડ વસુલાત:

ભુજ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારો જાહેરમાં ગંદકી કરતા ઇસમો પાસેથી દંડ વસૂલવાની કામગીરી છેલ્લા એક સપ્તાહથી ચાલુ છે. અંદાજિત 200થી 250 જેટલી જગ્યાએ સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું છે તેમજ અંદાજિત 25 જગ્યાએ દંડ કરવામાં આવ્યો છે. આ કામગીરી મુખ્ય અધિકારીનાં માર્ગદર્શન હેઠળ ચાલુ છે. મોટા શો-રૂમ, દુકાનધારકો અને લારી-ગલ્લાવાળાને જાહેરમાં ગંદકી ન કરવા અને સ્વચ્છતા જાળવવા માટે સમજાવવામાં આવે છે તેમજ દંડ પણ કરવામાં આવે છે. આ કામગીરી હજુ આગળ પણ ચાલુ રહેશે, જેથી શહેરીજનોને તેમજ લારી-ગલ્લાવાળા પણ દુકાનદારોને જાહેરમાં ગંદકી ન કરવા નગરપાલિકાએ અપીલ કરવામાં આવી છે.

---

## વિદેશી પક્ષી કચ્છમાં:

સમગ્ર વિશ્વમાં આશરે 9000 જેટલા વિવિધ જાતિનાં પક્ષીઓમાંથી 1200 જાતિનાં પક્ષી ભારતમાં જોવા મળે છે, જેમાંથી 400થી વધુ પ્રજાતિ પરદેશી પ્રવાસી પક્ષીની છે. આ યાયાવર પક્ષીઓ સાયબીરિયા, પૂર્વ યુરોપ,ઉત્તર અને મધ્ય એશિયામાંથી ગુજરાત સહિત ભારતમાં આવે છે. કચ્છમાં અંદાજે 2564 પંક્ષી મહેમાન બન્યાં હતાં. ગત વર્ષ તા. 19થી 21 સપ્ટેમ્બર-2025 દરમિયાન કચ્છમાં એસ્ટ્રલ ફાઉન્ડેશનના સહયોગથી, પ્રણિધિ ટ્રસ્ટે ગુજરાત વન વિભાગ અને બર્ડ કાઉન્ટ ઈન્ડિયા સાથે મળીને પેસેજ માઇગ્રન્ટ કાઉન્ટની ચોથી અને અત્યાર સુધીની સૌથી મોટી આવૃત્તિનું આયોજન કરાયું હતું, જેમાં 17 રાજ્યના 200થી વધુ પક્ષીપ્રેમીએ 51 ટીમમાં જોડાઈને કચ્છના 10 હજાર ચોરસ કિમી વિસ્તારનું સર્વેક્ષણ હાથ ધર્યું હતું.

---

## હવામાન:

ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હિમવર્ષાને પગલે કચ્છમાં શિયાળાએ અસલી મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે. નલિયામાં તાપમાન 7 ડિગ્રી નોંધાતા તે રાજ્યનું સૌથી ઠંડું મથક બન્યું છે. ભુજમાં 11 ડિગરી અને કંડલામાં 15 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ઠંડીના પગલે લોકોને દિવસના ભાગે પણ ગરમ કપડાં પહેરવાની ફરજ પડી હતી.

---